# READY RECKONER 2026

mahavir Consultancy



ENGINEERING

ARCHITECTURE

AGRICULTURE

PHARMACY

B.SC.



## GUJARAT & ALL INDIA ADMISSION

- MOST COMPETITIVE FEE STRUCTURE
- COMPREHENSIVE CAREER COUNSELING
- PERSONALIZED GUIDANCE AT EACH STEP
- SEAMLESS ADMISSION ASSISTANCE
- SCHOLARSHIP & GRANT OPPORTUNITIES

## Disclaimer

- આ બુકલેટમાં આપેલ માહિતી માટે ખુબ જ તકેદારી લેવામાં આવી છે તેમ છતા કોઇપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ.
- આ માહિતી જે તે કોલેજ / પરીક્ષા / એડમિશન કમિટીની વેબસાઇટ પરથી એકત્રીત કરવામાં આવેલ છે.
- જ્યાં 2026ની માહિતી ઉપ્લબ્ધ નથી ત્યાં 2025ના આધારે માહિતી આપેલ છે.
- JoSAA ના Opening Rank (OR) અને Closing Rank (CR) Round-6 Allotment પર આધારીત છે.
- National Institute Ranking Framework (NIRF)ના Rank 2025-Ranking પર આધારીત છે.
- પ્લેસમેન્ટની માહિતી NIRF વેબસાઇટ અને જે તે કોલેજની વેબસાઇટ પરથી 01-10-2025ના રોજ લેવામાં આવેલ છે.
- પરીક્ષા અને રજીસ્ટ્રેશનની તારીખોમાં ફેરફારનો અવકાશ હોવાથી જે તે વેબસાઇટની સમયાંતરે મુલાકાત લેવી હિતાવહ છે.
- વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાસ તાકીદ છે કે જે તે કોલેજ / પરીક્ષા / એડમિશન કમિટીની વેબસાઇટ પરથી લેટેસ્ટ માહિતી મેળવીને જ નિર્ણય કરવો.
- આ બુકલેટ બાબતમાં આપના સુચનો માટે vp@darshan.ac.in નો સંપર્ક કરવો.

## Abbreviations

- AIR : All India Rank
- MQ : Management Quota
- VQ : Vacant Quota
- SQ : State Quota
- VAC : Vacant (Seat not filled)
- GIA : Grant-In-Aid
- SFI : Self Financed Institute
- EWS : Economically Weaker Section
- SEBC : Socially & Economically Backward Class (NCL)
- SC : Scheduled Caste
- ST : Scheduled Tribe
- PH : Physically Handicapped
- DS : Defense Service (Serviceman / Ex-Serviceman)
- MYSY : Mukhyamantri Yuva Swavalamban Yojana
- TFWS : Tuition Fee Waiver Scheme
- PCM/B : Physics Chemistry Maths/Biology
- OR : Opening Rank
- CR : Closing Rank
- PR : Percentile Rank
- **ACPC**
  **ધ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ, ગુજરાત**

## Important Websites

**Gujarat Admission**

| | |
|---|---|
| ACPC Circulars / News / Announcements (ACPC) | **https://acpc.gujarat.gov.in** |
| ACPC Registration / Choice Filling / Allotment | **https://gujacpc.admissions.nic.in** |
| Fee Regulatory Committee, Technical | **https://frctech.gujarat.gov.in** |
| Gujarat Technological University (GTU) | **https://gtu.ac.in** |
| Gujarat State Agricultural Universities Common Admission | **https://gsauca.in** |
| Gujarat University Online Admission | **https://gujaratuniversity.ac.in** |

**All India Admission**

| | |
|---|---|
| Joint Seat Allocation Authority (JoSAA) | **https://josaa.nic.in** |
| Central Seat Allocation Board (CSAB) | **https://csab.nic.in** |
| Joint Entrance Examination (Main) | **https://jeemain.nta.nic.in** |
| Joint Entrance Examination (Advanced) | **https://jeeadv.ac.in** |
| National Aptitude Test in Architecture (NATA) | **https://nata.in** |
| IISER Admission | **https://iiseradmission.in** |
| Common University Entrance Test (CUET) | **https://cuet.nta.nic.in** |

**Councils**

| | |
|---|---|
| All India Council for Technical Education (AICTE) | **https://aicte.gov.in** |
| The University Grants Commission of India (UGC) | **https://ugc.gov.in** |
| National Testing Agency (NTA) | **https://nta.ac.in** |
| The Council of Architecture (CoA) | **https://coa.gov.in** |
| The Indian Council of Agricultural Research (ICAR) | **https://icar.org.in** |
| The Pharmacy Council of India (PCI) | **https://pci.gov.in** |
| The IIT Council | **https://iitsystem.ac.in** |
| The Council of NIT | **www.nitcouncil.org.in** |

## Table of Contents


- **Why Education is so much important in life?**
- **ધો. - 12 વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ–A) પછીના અભ્યાસક્રમો**
- **શું બનવું છે? (Dream Career)**
- **એન્જીનીયરીંગ શા માટે બેસ્ટ ચોઈસ છે?**
- **Engineering Branch Selection**
  - Types of Branch
  - Branch Rating
  - Computer / I.T. Engineering, Mechanical, Civil, Electrical
  - Chemical, I.C., E.C., Automobile Engineering
  - Infrastructure Branches
  - CE vs CSE vs IT vs ICT vs Specialization
  - Branch Selection Algorithm
  - Branch Selection: FAQ
- **ACPC: Degree Engineering Admission**
  - Branch wise Cut-off Rank - 2025
  - ACPC All India Rank Cut-off - 2025
- **All India Admission**
  - Joint Entrance Examination (JEE) (Main) Paper-1
  - Joint Entrance Examination (JEE) (Advanced)
  - Joint Seat Allocation Authority (JoSAA)
  - IIT - JoSAA 2025 AIR Round-6 Open Category Cut-off
  - $I^2IT$ Admissions
  - IISc Bengaluru Admissions
  - NIT - JoSAA 2025 AIR Round-6 Other State Quota Open Category Cut-off
  - IIIT - JoSAA 2025 AIR Round-6 Open Category Cut-off
  - Common University Entrance Test (CUET) Exam
- **GSAUCA: એગ્રીકલ્ચર એડમિશન**
- **Kamdhenu Uni.: ડેરી ટેકનોલોજી એડમિશન**
- **આર્કિટેક્ચર**
  - ACPC: Architecture Admission in Gujarat (NATA, B.Arch. કોલેજો અને ફી)
  - Architecture Aptitude Test (AAT) for B.Arch. Admission in IIT
  - JEE (Main) Paper-2 for B.Arch. & B.Plan. Admission in NIT, SPA, GFTI
  - NIT, SPA, GFTI: JEE (Main) Paper-2 AIR Category wise Cut-off
- **ACPC: Pharmacy Admission** (B.Pharm. કોલેજોની ફી, બેઠકો, કટ-ઓફ રેન્ક)
- **ACPC: Hotel & Tourism Management Admission**
- **B.Sc. એડમિશન**
- **ડિપ્લોમા એન્જીનીયરીંગ, એગ્રીકલ્ચર**
- **શિષ્યવૃત્તિ**
- **Gujarat Engineering Admission - Mobile App**
- **GUJCET MCQ Preparation App**
- **Engineering Admission - Whatsapp Groups**

As per Admission - 2025

## Engineering

| Institute Type | Merit Based on | Admission Committee | 4 Years (B.E. \ B.Tech. \ B.S.) | | | 5 Years (Dual Degree) | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Colleges | Branches | Seats | Colleges | Branches | Seats |
| IIT | JEE (Advanced) | JoSAA | 23 | 92 | 17,191 | 7 | 35 | 873 |
| NIT | JEE (Main) Paper-1 | JoSAA | 32 | 53 | 22,904 | 9 | 31 | 976 |
| IIIT | JEE (Main) Paper-1 | JoSAA | 26 | 42 | 9571 | 3 | 8 | 369 |
| GFTI | JEE (Main) Paper-1 | JoSAA | 41 | 60 | 9214 | 6 | 16 | 516 |
| Gujarat (Gov \ SFI) | Board + GUJCET, JEE (Main) Paper-1 | ACPC | 141 | 96 | 80,788 | 1 | 1 | 60 |
| | | | **263** | | **1,39,668** | **26** | | **2794** |

## Architecture

| Institute Type | Merit Based on | Admission Committee | 5 Years (B.Arch.) | | 4 Years (B.Plan.) | |
|---|---|---|---|---|---|---|
| | | | Colleges | Seats | Colleges | Seats |
| IIT | JEE (Advanced) | JoSAA | 3 | 96 | – | – |
| NIT | JEE (Main) Paper-2 | JoSAA | 11 | 593 | 1 | 52 |
| GFTI | JEE (Main) Paper-2 | JoSAA | 7 | 379 | 3 | 119 |
| Gujarat (Gov \ SFI) | Board + NATA / JEE (Main) Paper-2 | ACPC | 20 | 1232 | 1 | 37 |
| | | | **41** | **2300** | **5** | **208** |

## Pharmacy

| Institute Type | Merit Based on | Admission Committee | 4 Years (B.Pharm.) | | 3 Years (D.Pharm.) | |
|---|---|---|---|---|---|---|
| | | | Colleges | Seats | Colleges | Seats |
| Gujarat (Gov \ SFI) | Board + GUJCET / NEET-UG / JEE (Main) Paper-1 | ACPC | 117 | 9970 | 38 | 2350 |

## Agriculture

| Courses | Merit Based on | Admission Committee | Colleges | Seats |
|---|---|---|---|---|
| B.Tech. (Agricultural Engg.) | Board + GUJCET | GSAUCA | 4 | 248 |
| B.Tech. (Food Technology) | Board + GUJCET | GSAUCA | 2 | 105 |
| B.Tech. (Renewable Energy & Env. Engg.) | Board + GUJCET | GSAUCA | 1 | 60 |
| B.Tech. (Agricultural Information Tech.) | Board + GUJCET | GSAUCA | 1 | 60 |
| B.Tech. (Dairy Technology) | Board + GUJCET | KAU | 4 | 185 |
| B.Sc. (Hons.) Community Science | Board + GUJCET | SDAU | 1 | 70 |
| B.Sc. (Hons.) Food Nutrition & Dietetics | Board + GUJCET | SDAU | 1 | 50 |
| | | | | **778** |

## Bachelor of Science (B.Sc. - 3 Year / B.Sc. Hons. - 4 Year Courses)

| | | | |
|---|---|---|---|
| • Mathematics | • Chemistry | • Physics | • Computer Science |
| • I.T. | • Statistics | • Electronics | • Industrial Chemistry |

## Other Graduation Courses

| | | | |
|---|---|---|---|
| • BBA | • B.Com. | • BBM | • BFA |
| • BCA | • B.A. | • BMM | • BVA |
| • BSc (IT) | • BMS | • BSW | • BMC |

## Certification Courses

| | | |
|---|---|---|
| • CA | • CSB | • CIB |
| • CS | • CFA | • CIA |
| • CWA | • CFP | • CBS |

- બ્રાંચનું વર્ગીકરણ મુખ્યત્વે 3 પ્રકારમાં કરી શકાય છે, જે નીચે મુજબ છે.

## 1. Basic Branch (Core Branch)

- જે બ્રાંચની જરૂરીયાત સર્વવ્યાપી છે, જે બ્રાંચ વગર ઈન્ડસ્ટ્રીઝ કે આપણી રોજબરોજની જીંદગી ચાલે નહી, જે બ્રાંચની માંગ સતત વધી રહી છે અને નાના શહેરોમાં પણ નોકરીની તકો રહેલી છે તેવી બ્રાંચને Basic Branch કહેવામાં આવે છે.
- Basic Branchમાં નીચેની બ્રાંચનો સમાવેશ થાય છે.

| | |
|---|---|
| **સિવિલ** | બાંધકામ, પાણી–પૂરવઠા, વેસ્ટ મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટેશન વગેરે |
| **મિકેનીકલ** | મશીનરી, ઔદ્યોગીક ઉત્પાદન, ફેક્ટરી વગેરે |
| **ઇલેક્ટ્રીકલ** | વિજળીનું ઉત્પાદન, નિયમન અને વિતરણ તથા ઇલેક્ટ્રીકલ મશીન, ઇલેક્ટ્રીફીકેશન વગેરે |
| **કોમ્પ્યુટર** | સોફ્ટવેર, વેબસાઇટ, મોબાઇલ એપ્સ ડેવલોપમેન્ટ વગેરે |
| **ઇ.સી.** | ઓટોમેશન, કોમ્યુનીકેશન, હાર્ડવેર વગેરે |
| **કેમિકલ** | કેમિકલ પ્લાન્ટની ડિઝાઇન, ઓપરેશન, મેઇન્ટેનન્સ વગેરે |

- કોઇપણ ઇન્ડસ્ટ્રીની શરૂઆત કન્સ્ટ્રક્શનથી થાય છે જે સિવિલ એન્જીનીયર કરે છે. ત્યારબાદ મશીનરી ગોઠવાઇને ઉત્પાદન શરૂ થાય છે જે મિકેનીકલ એન્જીનીયર કરે છે. ઇન્ડસ્ટ્રી ચલાવવા માટે ઇલેક્ટ્રીસીટીની જરૂરીયાત રહે છે જે ઇલેક્ટ્રીક્લ એન્જીનીયર પૂરી પાડે છે. ઇન્ડસ્ટ્રીમાં સોફ્ટવેર અને ટેકનોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે જે કોમ્પ્યુટર એન્જીનીયર ડેવલપ કરે છે. ઇ.સી. એન્જીનીયર ઇન્ડસ્ટ્રીમાં કોમ્યુનીકેશન અને ઓટોમેશનની જરૂરીયાત પૂરી કરે છે. **આ 6 બ્રાંચની મદદ વગર કોઇપણ ઇન્ડસ્ટ્રી, ઓફીસ કે ઘર ચલાવવું શક્ય નથી.**
- Basic Branchમાં નોકરીની વિપુલ તકો તમારા પોતાના શહેરમાં પણ રહેલી છે. આ ઉપરાંત વિવિધ જોબ પ્રોફાઇલ (કાર્યક્ષેત્ર) ધરાવતી નોકરીઓ મનપસંદ સ્થળે મળી રહે છે. આ બધી બ્રાંચમાં બિઝનેસ માટે પણ અઢળક તકો રહેલી છે.
- વિદ્યાર્થીઓને ખાસ સલાહ કે Basic Branchને જ પ્રથમ પસંદગી આપવી જોઇએ કારણકે B.E. / B.Tech. પછીના તમામ વિકલ્પો ખુલ્લા રહે છે. જે વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તરત નોકરી કરવાની ઇચ્છા હોય તેમણે માત્ર Basic Branch જ પસંદ કરવી જોઇએ.

## 2. Specialized Branch (Derived Branch)

- ખાસ પ્રકારની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને જે તે સમયની માંગ મુજબ Basic Branchમાં ફેરફાર કરીને Specialized Branchની રચના કરવામાં આવે છે. દા.ત. મિકેનીકલમાંથી ઓટોમોબાઇલ, મેકાટ્રોનીક્સ, પ્રોડક્શન વગેરે; ઇલેક્ટ્રીકલમાંથી પાવર ઇલેક્ટ્રોનીક્સ, વગેરે.
- Specialized Branchમાં નોકરીની તકો ઓછી હોય છે. આ ઉપરાંત નોકરી કરવા માટેના સ્થળો પણ બહુ મર્યાદીત છે. જેમ કે, ઓટોમોબાઇલ એન્જીનીયર્સ માટે મહત્તમ તકો ગુડગાંવ અને પુનામાં જ છે.
- Basic Branchના એન્જીનીયર્સ Specialized Branchમાં જોબ કરી શકે છે પણ Specialized Branchના એન્જીનીયર્સ Basic Branchમાં જોબ કરી શકતા નથી. દા.ત. મિકેનીકલ એન્જીનીયરને ઓટોમોબાઇલ કંપનીમાં નોકરી મળે છે પણ ઓટોમોબાઇલ એન્જીનીયરને મિકેનીકલના અન્ય ક્ષેત્રો જેવા કે થર્મલ, પ્રોડક્ટ ડિઝાઇન, મેન્યુફેક્ચરીંગ વગેરેમાં નોકરી મળતી નથી.
- જો વિદ્યાર્થી કોઇપણ સ્થળે (Remote Location) નોકરી કરવા જવા માટે તૈયાર હોય અને બ્રાંચ વિશેની પૂરી સમજણ જાતે મેળવેલી હોય તો જ Specialized Branchને પસંદગી આપવી જોઇએ, અન્યથા Basic Branchમાં B.E. કર્યા બાદ Specialized Branchમાં M.E. કરવુ જોઇએ.

## 3. Other Branch

- Basic Branch & Specialized Branch સીવાયની તમામ બ્રાંચ Other Branch તરીકે ઓળખાય છે. દા.ત. એરોનોટીકલ, બાયોટેકનોલોજી, ફુડ પ્રોસેસીંગ, નેનો ટેકનોલોજી, ડેરી ટેકનોલોજી, મરીન વગેરે.
- Other Branchesના એન્જીનીયર્સની ગુજરાતમાં માંગ નહીવત્ત છે.
- વિદ્યાર્થીઓને ભારપૂર્વક જણાવવાનું કે Other Branch પસંદ કરતા પહેલા જે તે કોલેજની રૂબરૂ મુલાકાત લઇને અત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભિપ્રાય જાણવો ખૂબ જ અનિવાર્ય છે. આ ઉપરાંત આ બ્રાંચના છેલ્લા 2 થી 3 વર્ષના પ્લેસમેન્ટ ડેટાનો અભ્યાસ કરવો પણ જરૂરી છે. અભ્યાસક્રમમાં ફીલ્ડના પ્રેક્ટીકલ કરવાની તકો વિશે પણ જાણવુ, દા.ત. એરોનોટીકલ જેવી બ્રાંચમાં ફીલ્ડ પ્રેક્ટીકલ શક્ય નથી.
- જો તમારો ફેમીલી બિઝનેસ Other Branchને લગતો હોય તો જ તેને પસંદ કરો અન્યથા Basic Branchને જ પ્રથમ પસંદગી આપવી જોઇએ.

**B.E. is 1st step of your career, don't make its scope too narrow by choosing specialized or other branch.**

***Select*** **Mechanical** instead of Automobile, Aeronautical, Industrial, Manufacturing, Mechatronics, Metallurgy, Mining, Plastics, Production, Rubber; **Civil** instead of Environment, Water; **Electrical** instead of Power Electronics; **EC** instead of Biomedical; **Chemical** instead of Biotechnology, Petroleum; **Computer** instead of ICT for Bachelor of Engineering.

## કોમ્પ્યુટર/આઇ.ટી. એન્જીનીયરીંગ

Basic Branch

- કોમ્પ્યુટર એન્જીનીયરનું મુખ્ય કામ સોફ્ટવેરની ડિઝાઇન, ડેવલોપમેન્ટ અને ટેસ્ટીંગનું છે.
- આઇ.ટી. ઇન્ડસ્ટ્રીઝમાં પ્રોગ્રામીંગ સિવાય પણ ઘણી બધી નોકરીની તકો છે. જેમકે, Business Analyst, DBA, Database Analyst, Disaster Recovery Specialist, Infrastructure Analyst, Network Administrator, Network Engineer, Quality Assurance, Security Specialist, વગેરે.
- સૌથી વધારે અને ઉંચા પેકેજનું પ્લેસમેન્ટ કોમ્પ્યુટર બ્રાંચમાં થાય છે.

**ખાસ નોંધ:**

- **જે વિદ્યાર્થીઓ 8 થી 10 કલાક સતત કોમ્પ્યુટર પર બેસી મગજનું દહીં કરી શકે તેમ હોય તેમના માટે કોમ્પ્યુટર બેસ્ટ ચોઇસ છે.**
- **ખાસ કરીને ગર્લ્સ સ્ટુડન્ટે સરળતાથી સારી પ્રોફેશનલ કેરીયર બનાવવા માટે માત્ર કોમ્પ્યુટર બ્રાંચ જ પસંદ કરવી જોઇએ.**

| PLACEMENT / OPPORTUNITIES | | | |
|---|---|---|---|
| Government Job | : | 2 | Low |
| Private Job | : | 5 | Highest |
| Scope in Gujarat | : | 5 | Highest |
| Business | : | 5 | Highest |

## મિકેનીકલ એન્જીનીયરીંગ

Basic Branch

- મિકેનીકલ એન્જીનીયરીંગનું મુખ્યકામ મેન્યુફેક્ચરીંગ છે.
- કોઈ પણ મશીન, પાર્ટ્સ કે સિસ્ટમની ડીઝાઇન, પ્રોડક્શન, ક્વોલિટી, ઓપરેશન અને મેઇન્ટેનન્સનું કામ મિકેનીકલ એન્જીનીયર કરતાં હોય છે.
- સવારે ઊઠીએ ત્યારથી રાત્રે સૂઈએ ત્યાં સુધીમાં આપણે જે કાંઈ પણ ફિઝિકલ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમનું ઉત્પાદન મિકેનીકલ એન્જીનીયર જ કરે છે.
- સૌરાષ્ટ્ર – કચ્છના રાજકોટમાં મશીન ટૂલ્સ તેમજ ફાઉન્ડ્રી, જામનગરમાં પેટ્રોલિયમ તેમજ બ્રાસ પાર્ટ્સ, મોરબીમાં સિરામીક તેમજ ટેક્સ્ટાઇલ અને કચ્છમાં સ્ટીલ, પાવર અને પોર્ટ જેવા ઉદ્યોગોમાં નોકરીની વિપુલ તકો રહેલી છે.
- **Mother Branch** of Automobile, Aero., Metallurgy, Robotics & Automation, etc.

| PLACEMENT / OPPORTUNITIES | | | |
|---|---|---|---|
| Government Job | : | 1 | Low |
| Private Job | : | 4 | High |
| Scope in Gujarat | : | 5 | Highest |
| Business | : | 4 | High |

**ખાસ નોંધ:**

- **જે વિદ્યાર્થીઓ રફ & ટફ હોય, ટીમમાં કામ કરી શકે અને શરૂઆતના વર્ષોમાં 8 થી 10 કલાક ફિઝિકલ વર્ક કરવાની તૈયારી હોય તેમના માટે ઉત્તમ બ્રાંચ છે.**

## સિવિલ એન્જીનીયરીંગ

Basic Branch

- સિવિલ એન્જીનીયરીંગ બ્રાંચમાં મુખ્યત્વે બાંધકામ (બિલ્ડીંગ, વોટર રિસોર્સ સ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટેશન), પાણી પુરવઠાનું નિયમન (ડેમ, ઔદ્યોગિક, સિંચાઈ, ઘર વપરાશ), વેસ્ટ મેનેજમેન્ટ (સોલીડ/વોટર) અને ટ્રાન્સપોર્ટેશન (રોડ, રેલ્વે, પુલ)નો સમાવેશ થાય છે.
- સિવિલ બ્રાંચનાં મોટાભાગના વિદ્યાર્થીઓ ફેમિલી બિઝનેસ / કન્સલ્ટન્સી / ઉચ્ચ અભ્યાસ / ગવર્મેન્ટ જોબ પસંદ કરે છે.
- સૌથી વધારે ગવર્મેન્ટ જોબ સિવિલ એન્જીનીયરીંગ બ્રાંચમાં છે.

**ખાસ નોંધ:**

- **શહેરથી દૂર જ્યાં સાઇટ ચાલતી હોય ત્યાં જવાની તૈયારી હોવી જોઈએ.**
- **જે વિદ્યાર્થીઓ રફ & ટફ હોય, ટાઢ, તડકો, ધૂળ, પરસેવો સહન કરી શકે તેમ હોય, ખાસ કરીને ગામડાના વિદ્યાર્થીઓ માટે સિવિલ બેસ્ટ ચોઇસ છે.**

| PLACEMENT / OPPORTUNITIES | | | |
|---|---|---|---|
| Government Job | : | 4 | High |
| Private Job | : | 2 | Low |
| Scope in Gujarat | : | 4 | High |
| Business | : | 4 | High |

## ઇલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ

Basic Branch

- ઇલેક્ટ્રીસીટી આધારીત ટેક્નોલોજીના રીસર્ચ, ડિઝાઇન, ડેવલોપમેન્ટ અને મેઇન્ટેનન્સ માટે કામ કરતી બ્રાંચ એટલે ઇલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ.
- ઇલેક્ટ્રીકલ એન્જીનીયર મુખ્યત્વે પાવર (જનરેશન, ટ્રાન્સમિશન, ડિસ્ટ્રીબ્યુશન), રીન્યુએબલ એનર્જી (વિન્ડ, સોલાર, ટાઇડલ), હોમ એપ્લાઈન્સીઝ (ફ્રિજ, એ.સી., વેક્યુમ ક્લીનર, ઓવન, બ્લેન્ડર, હેર ડ્રાયર), ઇન્ડસ્ટ્રીયલ એપ્લાઈન્સીઝ (મોટર, જનરેટર, ટ્રાન્સફોર્મર, લાઈટીંગ), ઇન્ડસ્ટ્રીઅલ ઓટોમેશન (PLC, SCADA, I4.0) વગેરેના ક્ષેત્રમાં કામ કરતાં હોય છે.
- સોલાર એનર્જી, ઇલેક્ટ્રીક વ્હીકલ, સ્માર્ટ મીટર, સુપર બેટરી, સ્માર્ટ ગ્રીડ વગેરે જેવી ટેક્નોલોજીને લીધે ઇલેક્ટ્રીકલ એન્જીનીયરનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે.

| PLACEMENT / OPPORTUNITIES | | | |
|---|---|---|---|
| Government Job | : | 1 | Low |
| Private Job | : | 3 | Medium |
| Scope in Gujarat | : | 4 | High |
| Business | : | 3 | Medium |

**ખાસ નોંધ:**

- **ઇલેક્ટ્રીકલ એન્જીનીયરીંગની પસંદગી કરતા વિદ્યાર્થીઓ રફ & ટફ હોવા જોઇએ તેમજ રીમોટ લોકેશન પર જવાની તૈયારી હોવી જોઇએ.**

## કેમિકલ એન્જીનીયરીંગ

**Basic Branch**

- કેમિકલ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ પ્લાન્ટસના ડિઝાઈન અને ઓપરેશન સાથે સંકળાયેલી બ્રાંચ છે. કેમિકલ એન્જીનીયરનું મુખ્યકામ કેમિકલ મેન્યુફેક્ચરિંગ છે.
- કેમિકલ એન્જીનીયરીંગની એક માત્ર એવી બ્રાંચ છે કે જેમાં B.Sc. (કેમિસ્ટ્રી અને ઈન્ડસ્ટ્રીયલ કેમિસ્ટ્રી)ના વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટમાં હરીફાઈ આપે છે.
- ગવર્મેન્ટની પોલ્યુશન આધારિત પોલીસીથી પણ જોબ માર્કેટમાં Up-Down આવતા હોય છે.
- ગુજરાતમાં જોબ માટેની મુખ્ય તકો સિક્કા, ખાવડી, વડોદરા થી વાપી વચ્ચેના બેલ્ટમાં છે.
- **Mother Branch** of Biotechnology, Petroleum, Plastic & Rubber, etc.

| PLACEMENT / OPPORTUNITIES | | |
|---|---|---|
| Government Job | 1 | Low |
| Private Job | 4 | High |
| Scope in Gujarat | 4 | High |
| Business | 1 | Low |

**ખાસ નોંધઃ**

- **જોબ માટે કોઈપણ રીમોટ લોકેશન પર જવાની તૈયારી રાખવી પડે છે.**
- **જે વિદ્યાર્થીને એલર્જીનો પ્રોબ્લેમ હોય, હેઝાર્ડીયસ એન્વાયરમેન્ટમાં કામ કરી શકે તેમ ના હોય તેમના માટે કેમિકલ એન્જીનીયરીંગ સલાહભર્યુ નથી.**

## ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ (IC) એન્જીનીયરીંગ

Specialized Branch

- આ બ્રાંચમાં મુખ્યત્વે ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનીક્સ અને મિકેનીકલને લગતા વિષયો આવે છે.
- IC એન્જીનીયર ઓટોમેશન સિસ્ટમની ડિઝાઈન કન્ફીગ્યુરેશન અને મેઈન્ટેનન્સનું કામ કરે છે.
- રિફાઈનરી, ફાર્માસ્યુટીકલ, સિમેન્ટ, વગેરે જેવી પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રોસેસ એન્જીનીયર તરીકે જોબની ખૂબ સારી તકો છે.
- પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ ખાવડી, મીઠાપૂર, કચ્છ તથા વડોદરા થી વાપીના બેલ્ટમાં આવેલી છે.

| PLACEMENT / OPPORTUNITIES | | |
|---|---|---|
| Government Job | 0 | Almost Zero |
| Private Job | 3 | Medium |
| Scope in Gujarat | 3 | Medium |
| Business | 2 | Low |

**ખાસ નોંધઃ**

- **ગામડાના વિદ્યાર્થીઓ માટે આઇ.સી. બ્રાંચ ઉત્તમ છે. ગર્લ્સ માટે સલાહભર્યુ નથી.**
- **જે વિદ્યાર્થીઓ રફ & ટફ હોય, સખત મહેનત અને કોઈપણ લોકેશન પર કામ કરવાની તૈયારી હોય તેમના માટે આઇ.સી. બ્રાંચ બેસ્ટ ચોઈસ છે.**

## ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન (EC) એન્જીનીયરીંગ

**Basic Branch**

- ECમાં મુખ્યત્વે ઈલેક્ટ્રોનીક્સ અને કોમ્યુનીકેશનના વિષયોનો સમાવેશ થાય છે.
- જે વિદ્યાર્થીઓ હાર્ડવેર, કોમ્યુનીકેશન અથવા ઈલેક્ટ્રોનીક્સ ક્ષેત્રમાં જોબ કરવા ઈચ્છતા હોય તેમના માટે યોગ્ય બ્રાંચ છે.
- ભારતમાં ઈલેક્ટ્રોનીક્સ ફીલ્ડમાં R&D અને ડીઝાઈનીંગનું કામ કરતી કંપનીઓ ઘણી ઓછી છે અને ગુજરાતમાં પણ ઈલેક્ટ્રોનીક્સ ક્ષેત્રે કામ કરતી કંપનીઓ નહીવત્ત છે.

| PLACEMENT / OPPORTUNITIES | | |
|---|---|---|
| Government Job | 1 | Low |
| Private Job | 2 | Low |
| Scope in Gujarat | 2 | Low |
| Business | 2 | Low |

**ખાસ નોંધઃ**

- **માત્ર ટોપ કોલેજમાં અભ્યાસ કરતા સ્કોલર વિદ્યાર્થીઓ માટે જ સારી તકો છે.**
- **ECમાં સોફ્ટવેર ડેવલોપમેન્ટના વિષયો અભ્યાસમાં આવતા નથી.**
- **જે વિદ્યાર્થીઓ ગુજરાત બહાર અથવા ફોરેન કન્ટ્રીઝમાં જવા ઈચ્છતા હોય તેમના માટે કદાચ ઈ.સી. બ્રાંચ અનુકુળ આવશે.**

## ઓટોમોબાઈલ એન્જીનીયરીંગ

Specialized Branch

- ઘણા વિદ્યાર્થીઓ એવી ગેર–માન્યતા ધરાવે છે કે ઓટોમોબાઈલ એન્જીનીયર્સ કાર અને બાઈક ડીઝાઈન કરે છે, જે હકીકતમાં ખોટુ છે.
- કોઈપણ વ્હીકલ હજારો પાર્ટસનું બનેલું હોય છે જેની ડીઝાઈન અને પ્રોડક્શન માત્ર અને માત્ર મિકેનીકલ એન્જીનીયર કરતા હોય છે.
- મોટા ભાગની ઓટોમોબાઈલ કંપનીઓ મુખ્યત્વે મિકેનીકલ એન્જીનીયરની જ ભરતી કરે છે.
- ઓટોમોબાઈલ એન્જીનીયરીંગમાં વાહનોની વિવિધ સિસ્ટમ જેવી કે Fuel, Transmission, Electrical, Electronics વગેરેનો અભ્યાસ કરવાનો હોય છે. ઓટોમોબાઈલ એન્જીનીયર્સ માટે મુખ્ય તકો ઓટોમોબાઈલ કંપનીઓના સર્વિસ સ્ટેશન અને ગેરેજમાં છે.

| PLACEMENT / OPPORTUNITIES | | |
|---|---|---|
| Government Job | 0 | Almost Zero |
| Private Job | 1 | Low |
| Scope in Gujarat | 2 | Low |
| Business | 2 | Low |

**ખાસ નોંધઃ**

- **એકપણ IIT કે NIT ઓટોમોબાઈલ એન્જીનીયરીંગની બ્રાંચ ઓફર કરતી નથી.**
- **જો ઓટોમોબાઈલ ફીલ્ડમાં જ કેરીયર બનાવવી હોય તો B.E./B.Tech. (મિકેનીકલ) કર્યા બાદ M.E./M.Tech. (ઓટોમોબાઈલ) કરવું જોઈએ.**

## Infrastructure Branches

કોઈ પણ દેશના આર્થિક વિકાસ માટેની મૂળભૂત જરૂરિયાતો મેન્યુફેક્ચરીંગ, પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય છે. જે બ્રાંચો આ ક્ષેત્રમાં કાર્યરત હોય છે તેને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બ્રાંચ કહેવામાં આવે છે, જેમાં મુખ્યત્વે સિવિલ, ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલનો સમાવેશ થાય છે.

## સિવિલ એન્જીનીયરીંગ

- ભવિષ્યમાં આપણે મકાનમાં રહેશું કે પાછા જંગલમાં રહેવા માટે જતા રહેશું? વાહનો ચલાવવા માટે રસ્તા, પુલો વગેરેની જરૂર પડશે કે નહી? કામ કરવા માટે બિલ્ડીંગ (ઓફીસો અને ઇન્ડસ્ટ્રીઝ)ની જરૂરીયાત પડશે કે નહી? જયારે પાણીની જરૂરીયાત પડશે ત્યારે ભગવાન વરસાદ વરસાવી દેશે કે આપણે પાણીને ડેમમાં સંગ્રહ કરીને જરૂરીયાત મુજબ કેનાલ અને પાઈપલાઈનની મદદથી ઘરે–ઘરે પહોંચાડવું પડશે? વેસ્ટ (સોલીડ અને વોટર)ના નીકાલ માટે સુએઝ પ્લાન્ટની જરૂર પડશે કે નહી? જો આ બધી બાબતોની આપણને ભવિષ્યમાં જરૂરીયાત પડશે તો સિવિલ એન્જીનીયરીંગ વગર ચાલશે જ નહી.
- ભારતમાં Bandra-Worli Sea Link, નર્મદા ડેમ, કોંકણ રેલવે, દિલ્હી મેટ્રો, સ્ટેચ્યુ ઓફ યુનિટી, લદાખમાં સૌથી વધારે ઉંચાઈ પર બંધાયેલો ચેનાબ રેલ બ્રીજ તથા બ્રહ્મપુત્રા નદી પર બંધાયેલો બોગીબીલ બ્રીજ ઉત્તમ સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉદાહરણો છે.
- સરકારી નોકરીઓમાં મહત્તમ તકો સિવિલ એન્જીનીયર્સ માટે છે. PSU દ્વારા અંદાજીત 2500 સિવિલ એન્જીનીયર્સની દર વર્ષે ભરતી કરવામાં આવે છે.

## ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ

- ઈલેક્ટ્રીસીટી વગરની અંધકારમય દુનિયાની તમે કલ્પના કરી શકો છો? હવા, પાણી અને અન્નની જેમ જ ઈલેક્ટ્રીસીટી પાયાની જરૂરિયાત છે. આ ઉપરાંત ઈલેક્ટ્રીસીટીથી ચાલતા ઉપકરણો જેવા કે કોમ્પ્યુટર, ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, મિક્ષ્ચર, બ્લેન્ડર, ઈસ્ત્રી વગરના ઘરની તમે કલ્પના કરી શકો છો? જો ના તો ચોક્કસ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરની જરૂરિયાત છે અને ભવિષ્યમાં હજુ વધારે પડશે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2030 સુધીમાં રિન્યુએબલ પાવર જનરેશન કેપેસિટીનો ટાર્ગેટ 500 GWનો છે. જેના અંતર્ગત ગુજરાતમાં પણ ઘણા સોલાર પાર્ક ઉભા થઇ રહ્યા છે. જેથી આ ક્ષેત્રમાં હાલના સમયમાં ખુબ જ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરની માંગ વધી રહી છે.
- સરકાર દ્વારા NEMMP (National Electricity Mobility Mission Plan) યોજનાના ભાગરૂપે સમગ્ર દેશમાં 2030 સુધીમાં 100% ઈલેક્ટ્રીક વાહનોનો ટાર્ગેટ પણ સેટ કરાયો છે. જેને લીધે તેમાં વપરાતા ઈલેક્ટ્રીક ઉપકરણો જેવા કે ઇલેક્ટ્રીક મોટર, બેટરી, ચાર્જ કંટ્રોલર વગેરેની પુષ્કળ જરૂરિયાત ઉભી થશે જેના માટે સ્કીલ્ડ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરની ડિમાન્ડ પણ વધશે.
- Power Grid, NTPC, BHEL, IOCL, ONGC, PGCIL, THDC, GSECL, GPCL, GETCO, PGVCL, MGVCL, DGVCL, UGVCL વગેરે જેવી ખ્યાતનામ ગવર્નમેન્ટ સંસ્થાઓમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરોની ભરતી થતી હોય છે.

## મિકેનીકલ એન્જીનીયરીંગ

- આધુનિક જીવનશૈલી વગર હવે જીવવુ શક્ય છે? વિવિધ વસ્તુઓ અને મશીન વગરની લાઇફની કલ્પના પણ થઇ શકે છે? આપણી બધી ભૌતિક સુખ, સુવિધા, સગવડો મિકેનીકલ એન્જીનીયરીંગને આભારી છે.
- Industrial Revolution 4.0 ને લીધે મેન્યુફેક્ચરીંગની પરીભાષા ધરમૂળથી બદલાઇ રહી છે. આ ઉપરાંત આધુનિક ટેકનોલોજી જેવીકે, AR/VR, 3D-Printing, Software Operated Automatic Manufacturing વગેરેને લીધે મિકેનીકલ એન્જીનીયર્સની અઢળક ડિમાન્ડ ઉભી થઇ રહી છે.
- આધુનિક સમયમાં મશીનો જ મનુષ્યની જીવનશૈલી સરળ બનાવે છે. આ મશીનોના વિકાસમાં અઢળક તકો રહેલી છે જે મિકેનીકલ એન્જીનીયરીંગની ભવિષ્યની માંગનું ઉદાહરણ છે.
- દેશના અર્થતંત્રના મજબૂત વિકાસ તેમજ રોજગારની તકો ઊભી કરવામાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો મુખ્ય ફાળો હોય છે. એટલે જ તો Make in India, Vocal for Local, Skill India, Startup India જેવી મહત્વકાંક્ષી યોજનાઓને વિશેષ મહત્વ અપાઇ રહ્યું છે. જેના ભાગરૂપે દુનીયાની ખ્યાતનામ કંપનીઓએ પોતાના મેન્યુફેક્ચરીંગ યુનીટ ભારતમાં સ્થાપવાનું શરૂ કરી દીધુ છે.
- ગવર્મેન્ટ સંસ્થાઓ જેવી કે ISRO, DRDO, Indian Army, HAL, Railway, BHEL, NTPC, SAIL, ONGC, IOC, GNFC, GSFC, GMDC વગેરેમાં સમયાંતરે મિકેનીકલ એન્જીનીયરોની ભરતી થતી હોય છે.
- પ્રાઇવેટ ક્ષેત્રની મલ્ટી નેશનલ કંપનીઓ જેવીકે, TATA, Thermax, L&T, Adani, Siemens, Reliance વગેરેમાં મિકેનીકલ એન્જીનીયરની પુષ્કળ ડિમાન્ડ રહેલી છે. ઉપરાંત, ગુજરાતની 2,50,000+ Manufacturing MSMEsમાં કાયમી ધોરણે મિકેનીકલ એન્જીનીયરની જરૂરીયાત રહેતી હોય છે.

**રાજકોટ એન્જીનીયરીંગ હબ**



| Foundry | Machine Tools | Pump/Motors | Auto Parts | Diesel Engine | Forging | Bearing | Agri Equi. |
|---|---|---|---|---|---|---|---|
| 500+ | 320+ | 300+ | 300+ | 150+ | 140+ | 60+ | 25+ |

## CE v/s CSE v/s IT v/s ICT v/s Specialization

### Computer Engineering (CE) v/s Computer Science & Engineering (CSE)

✓ ભારત અને ઈન્ડિયા વચ્ચે શું તફાવત છે? એવી જ રીતે CE અને CSE વચ્ચે કોઈ જ તફાવત નથી. બન્ને એક જ બ્રાંચ છે.

✓ કોઈપણ યુનિવર્સીટીના સિલેબસનો અભ્યાસ કરશો તો આઈડિયા આવશે કે બંનેનો સિલેબસ 100% સરખો જ હોય છે.

### Computer Engineering (CE) v/s Information Technology (IT)

✓ CE અને IT લગભગ 90 % સરખા છે. કોઈપણ યુનિવર્સીટીના સિલેબસમાં 40-45 વિષયોમાંથી આશરે 4-5 વિષયો અલગ હોય છે.

✓ ઘણા વિદ્યાર્થીઓ એવું માને છે કે કોમ્પ્યુટરમાં હાર્ડવેર વધારે આવે અને આઈ.ટી.માં સોફ્ટવેર વધારે આવે પરંતુ હકીકતમાં હાર્ડવેર બંનેમાંથી એકપણમાં આવતું નથી. બંનેમાં માત્ર સોફ્ટવેર જ આવે છે. **હાર્ડવેર ECમાં આવે છે.**

✓ ઈન્ડસ્ટ્રીઝમાં જોબ માટે બંને પાસે સમાન તકો છે પણ જો B.E. બાદ GATEની પરીક્ષા આપવી હોય તો IT કરતા CEને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

✓ નિરમા યુનિ.એ ITની બ્રાંચ બંધ કરીને કોમ્પ્યુટરની બેઠકો વધારેલ છે. તમામ IITs માત્ર કોમ્પ્યુટર બ્રાંચ જ ઓફર કરે છે, 6 NITs જ IT બ્રાંચ ઓફર કરે છે.

### Computer Engineering (CE) v/s Information and Communication Technology (ICT)

✓ ICT બ્રાંચમાં મુખ્યત્વે કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનીક્સ અને કોમ્યુનિકેશનના વિષયોનો અભ્યાસ આવે છે.

✓ ICTમાં કોમ્પ્યુટર બ્રાંચના અગત્યના 7-8 વિષયો અભ્યાસમાં આવતા નથી અને કોમ્યુનિકેશનના જે વિષયો આવે છે તેની IT ઈન્ડસ્ટ્રીઝમાં જરૂર નથી.

✓ **DAIICTમાં એડમિશન મળતું હોય તો અને માત્ર તો જ ICT બ્રાંચ પસંદ કરવી અન્યથા કોમ્પ્યુટરને જ પ્રથમ પસંદગી આપવી જોઈએ.**

✓ SEAS, Ahmedabad Uni. એ પણ ICT બ્રાંચ બંધ કરીને કોમ્પ્યુટર બ્રાંચ શરૂ કરી છે.

## Computer Engineering: Core v/s Specialization

- ઘણા વિદ્યાર્થીઓ B.E./B.Tech.માં જ AI, Data Science, Cyber Security, વગેરે જેવા સ્પેશ્યલાઈઝેશન પસંદ કરે છે, જે સલાહભર્યું નથી. કારણકે,
  1. કોમ્પ્યુટરમાં ફન્ડામેન્ટલ (Operating System, Data Structure, Algorithms, Software Engineering etc.) ક્યારેય બદલાતા નથી પરંતુ ટેકનોલોજી (Cloud, Data Science, Cyber Security, etc) ખુબ જ ઝડપથી બદલાય જાય છે.
  2. AI, Data Science, Machine Learning વગેરે એડવાન્સડ એરીયા છે જે B.E. / B.Tech.માં વિદ્યાર્થીઓને શીખવા ખૂબ જ અઘરા પડે છે. જો વિદ્યાર્થીને Maths & Statisticsમાં ઈન્ટરેસ્ટ અને સારા માર્ક્સ હોય ઉપરાંત ખૂબ જ મહેનત કરવાની તૈયારી હોય તો જ AI / ML પસંદ કરાય.
  3. આઈ.ટી. ઈન્ડસ્ટ્રીમાં 95% જોબ્સ ડેવલોપર/પ્રોગ્રામર માટે હોય છે. જયારે માત્ર 5% જોબ્સ જ સ્પેશયલાઈઝેશન માટે હોય છે. તેમાં પણ ફ્રેશર માટે નહીવત્ત તકો હોય છે. **સ્પેશ્યલાઈઝેશન કરવાથી પ્લેસમેન્ટ અને જોબ સ્કોપ ખૂબજ ઓછા થઈ જાય છે.**
  4. BE / BTechમાં કોમ્પ્યુટર બ્રાંચ જ પસંદ કરવી જોઈએ જયારે માસ્ટરમાં સ્પેશ્યલાઈઝેશન (AI / ML / Cyber Security) પસંદ કરવું જોઈએ.

**ટૂંકમાં, B.E./B.Techમાં સ્પેશ્યલાઈઝેશન પસંદ કરવું એટલે MBBS કર્યા વગર સીધુ જ MS / MD કરવું.**

## CE v/s EC

- CEમાં સોફ્ટવેર ડેવલોપમેન્ટ માટેના વિષયો જેવા કે, Data Structure, Algorithm, DBMS, Software Engineering, Compiler Design, Theory of Computation, Web/Mobile Programming, વગેરે ભણવામાં આવે છે જયારે ECમાં સોફ્ટવેર ડેવલોપમેન્ટ માટેના વિષયો ભણવામાં આવતા નથી.
- કોઈ પણ IT કંપનીમાં સોફ્ટવેર ડેવલોપર તરીકે કોમ્પ્યુટર એન્જીનીયરને સિલેક્ટ કરવામાં આવતા હોય છે જયારે EC એન્જીનીયરને અન્ય જોબ જેમકે, સપોર્ટ અને ટેસ્ટીંગ માટે સિલેક્ટ કરવામાં આવતા હોય છે.
- ઘણા વિદ્યાર્થીઓમાં ગેરમાન્યતા હોય છે કે CE અને EC એક સરખી જ બ્રાંચ છે, ઘણા વિષયો સરખા આવે છે. પરંતુ હકીકતમાં એન્જીનીયરીંગના પ્રથમ વર્ષના કોમન વિષયો બાદ કરો તો બાકીના 30 થી 35 વિષયોમાંથી ભાગ્યે જ 4-5 વિષયો સરખા હોય છે. (Nirma Universityના સિલેબસમાં 3, DDU Nadiadના સિલેબસમાં 4, GTUના સિલેબસમાં 3-4 વિષયો જ સરખા છે. આ વિષયો પણ ECના છે, CEના નહી.)

**ટૂંકમાં, CE એટલ સોફ્ટવેર અને EC એટલે હાર્ડવેર. જો તમને EC એટલે કે હાર્ડવેરમાં રસ-રૂચી હોય તો ECમાં એડમીશન ચોક્કસ લેવાય પણ XYZ કોલેજમાં કોમ્પ્યુટરમાં એડમીશન નથી મળતું એટલે EC પસંદ કરવું બિલકુલ હિતાવહ નથી.**

## DO YOU KNOW?

**ICT**
એકપણ IITs / NITs / IIITs ICT બ્રાંચ ઓફર કરતી નથી.

**IT**
એકપણ IIT IT બ્રાંચ ઓફર કરતી નથી. માત્ર 6 NITs જ IT બ્રાંચ ઓફર કરે છે.

**Specialization**
Cyber Security, Big Data, IoT, CSD વગેરે જેવા સ્પેશ્યલાઈઝેશન એકપણ IIT / NIT ઓફર કરતી નથી.

**ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં એવી માન્યતા છે કે AI ને લીધે કોમ્પ્યુટર બ્રાંચના હવે વળતા પાણી થશે, પરંતુ હકીકત એ છે કે AI ને લીધે ઓવરઓલ સોફ્ટવેર એન્જીનીયરની ડિમાન્ડ ઘણી વધશે.**

## Branch Selection Algorithm



### For Girls,

- (1) Computer
- (2) Computer
- (3) Computer

### For Boys,

- (1) જો તમારે **વેલસેટ** અને **સારૂ અર્નિંગ કરતો ફેમીલી બીઝનેસ** હોય તો તેને **લગતી બ્રાંચ જ** પસંદ કરવી જોઈએ.
- (2) જો 80+PR અથવા Good Logic અથવા English Mediumમાં ભણેલા હોય તો **Computer.**
- (3) જો **સાહસીક, બિન્દાસ** તથા **રફ & ટફ** હો તો **Civil.**
- (4) જો **રફ & ટફ** અને **ફિલ્ડ વર્ક** કરી શકો તો **IC, Mechanical, Electrical.**
- (5) જો **ભણવાનું પૂરૂ થયા પછી બીજા જ દિવશે** Bangalore, Hyderabad, Puna જવાની તૈયારી હોય તો **EC.**
- (6) જો **અંકલેશ્વરના કેમિકલ એન્વાયર્મેન્ટમાં** રહી શકો તો **Chemical.**
- (7) જો 3, 4, 5, 6**માંથી એકપણ લાગુ ના પડતુ** હોય તો **Computer.**

વ્હાલા વિદ્યાર્થીઓ ,

કોલેજ સિલેક્શન કરતા બ્રાંચ સિલેક્શન વધારે મહત્વનું છે કારણ કે કોલેજ માત્ર 4 વર્ષ માટે જ છે જ્યારે બ્રાંચ 40 વર્ષ એટલે કે જીવનભર માટે છે. બ્રાંચ સિલેક્શન માટે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનું વિચારીને નિર્ણય કરવો જોઈએ. વર્ષોનો અનુભવ, ઘણા બધા વિદ્યાર્થીઓની કેરિયરનો ગહન અભ્યાસ, સોશિયલ, સાયકોલોજીકલ અને હ્યુમન બિહેવીયરને ધ્યાનમાં રાખીને ઉપર મુજબનો અલ્ગોરીધમ બનાવેલ છે.

- સૌપ્રથમ તો ગર્લ્સ સ્ટુડન્ટ ની વાત કરીએ તો 21st Century Girl કોઈપણ બ્રાંચમાં એડમિશન લઈ શકે છે, પરંતુ જો સરળતાથી સફળ કેરિયર બનાવવી હોય તો **કોમ્પ્યુટર એન્જીનીયરીંગ** એકમાત્ર વિકલ્પ છે.
- બોયઝ સ્ટુડન્ટની વાત કરીએ તો વિદ્યાર્થીની ફિઝિકલ, મેન્ટલ અને કામ કરવાની ક્ષમતા ઉપરાંત ફેમિલીની આર્થિક પરિસ્થિતિ અને વિદ્યાર્થીનો કેવા વાતાવરણમાં ઉછેર થયો છે, વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ.

1) જો ફેમિલીનો વેલસેટ બિઝનેસ હોય જેમાં વર્ષે 1 કરોડ કરતાં વધારે કમાણી થતી હોય તો વિદ્યાર્થીએ **ફેમિલી બિઝનેસને લગતી બ્રાંચ** પસંદ કરીને ફેમિલી બિઝનેસમાં જ આગળ ગ્રોથ કરવો જોઈએ.
2) કોમ્પ્યુટરમાં મુખ્ય 2 પ્રકારની જોબ છે; i) Software Development જેના માટે સારૂ લોજીક અત્યંત અનિવાર્ય છે. જો સારૂ લોજીક ના હોય તો પ્રોગ્રામિંગ આવડવું ખૂબ જ કઠિન છે. ii) QA, BDE, Content writing માટે Englishનું પ્રભુત્વ ખૂબ જ જરૂરી છે. માટે, જે વિદ્યાર્થીઓને 80+ PR છે અથવા English Medium માં ભણેલા છે તેઓએ **કોમ્પ્યુટર એન્જીનીયરીંગ** જ પસંદ કરવું જોઈએ.
3) **સિવિલ બ્રાંચ** સાહસિક, રફ & ટફ અને બિન્દાસ વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓ માટે છે. કારણ કે સિવિલ વર્કમાં મજૂરો સાથે સાઈટ પર ફિઝિકલ વર્ક કરવું પડે છે અને પારાવાર અડચણો ભોગવવી પડે છે. ઓફિસ જોબ જુજ પ્રમાણમાં જ હોય છે.
4) જે વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક કરી શકે એમ હોય તેમના માટે **Instrumentation & Control (IC), Mechanical અને Electrical બ્રાંચ** બેસ્ટ છે. આ બ્રાંચમાં મેન્યુફેક્ચરિંગ અને મેઈન્ટેનન્સ પ્લાન્ટમાં કામ કરવાનું હોય છે. જે વિદ્યાર્થીઓ 8-10 કલાક પ્લાન્ટમાં કામ કરી શકે, સુપરવિઝન કરી શકે તેમના માટે બેસ્ટ બ્રાંચ છે.
5) **EC બ્રાંચમાં** હજુ ગુજરાતમાં એટલો બધો સ્કોપ નથી અને આવનારા 5-10 વર્ષમાં કોઈ શક્યતા પણ દેખાતી નથી. EC એન્જીનીયરની પણ કોર બ્રાંચની જેમ મર્યાદિત જરૂરિયાત હોય છે, કોમ્પ્યુટરની જેમ બહોળી જરૂરિયાત હોતી નથી. માટે જે વિદ્યાર્થીઓ ભણવાનું પૂરું થાય અને બીજા જ દિવસે બેંગલોર, હૈદરાબાદ અથવા પુના જવાની તૈયારી હોય તેમણે જ EC પસંદ કરવું જોઈએ.
6) **કેમિકલ એન્જીનીયરીંગની** જોબમાં હાડમારી વધારે હોય છે કારણ કે મેન્યુફેક્ચરિંગ ઉપરાંત કેમિકલ વાળા એન્વાયર્મેન્ટમાં કામ કરવાનું હોય છે એટલે જે વિદ્યાર્થીઓ ખરેખર ફિઝિકલી સ્ટ્રોંગ છે એમણે જ પસંદ કરવું જોઈએ.
7) જો વિકલ્પ 3, 4, 5 અને 6 માંથી એક પણ અનુકૂળ ન આવે તો **કોમ્પ્યુટર** પસંદ કરી લેવું જોઈએ કારણકે નાની મોટી ઓફિસ જોબ સરળતાથી મળી રહેશે.

ખાસ ધ્યાનમાં રાખજો કે, કોર બ્રાંચમાં કેરિયરના શરૂઆતના 7-9 વર્ષ તો ફિલ્ડમાં જ કામ કરવું પડશે ત્યારબાદ ઓફિસ જોબ મળશે.

આ અલ્ગોરીધમ અમે ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવેલ છે. તમે તમારી પર્સનલ ચોઈસ મુજબ ડીસીઝન લઈ શકો છો.

**સૌથી સારી બ્રાંચ કઇ છે?**

દરેક બેઝીક એન્જીનીયરીંગ બ્રાંચ(કાર્યક્ષેત્ર)ની દુનિયાભરમાં જરૂરીયાત હોય જ છે. વિદ્યાર્થી કોઇપણ બ્રાંચમાં અભ્યાસના 4 વર્ષ દરમ્યાન લગનથી તનતોડ મહેનત કરીને સારી કારકિર્દી બનાવી શકે છે. તેમ છતા, જો વિદ્યાર્થી પોતાની **શારીરિક ક્ષમતા, કામ કરવાની પધ્ધતિ, ફેમિલી બેકગ્રાઉન્ડ અને આર્થિક પરિસ્થિતી તથા ભવિષ્યમાં કેવી કેરીયર બનાવવી છે** તેને ધ્યાનમાં રાખીને બ્રાંચ પસંદ કરે તો સરળતાથી સફળતા મેળવી શકે છે.

**સૌથી વધુ પ્લેસમેન્ટ કઇ બ્રાંચમાં થાય છે?**

સૌથી વધુ પ્લેસમેન્ટ કોમ્પ્યુટર બ્રાંચમાં થાય છે. ત્યારબાદ મિકેનીકલ, સિવિલ, ઇલેક્ટ્રીકલ, I.C. અને કેમિકલ બ્રાંચમાં પ્લેસમેન્ટ થાય છે. ઇ.સી. બ્રાંચમાં ઇલેક્ટ્રોનીક્સ કંપનીઓનું પ્લેસમેન્ટ ઓછું હોય છે પણ I.T. કંપનીઓ તક આપે છે. સૌથી વધુ સેલેરી કોમ્પ્યુટર બ્રાંચમાં મળે છે.

**ગવર્મેન્ટ જોબની સૌથી વધુ તકો કઇ બ્રાંચમાં છે?**

કોઇપણ ગ્રેજ્યુએટ GPSC, UPSC વગેરેની પરીક્ષા આપી ગવર્મેન્ટ જોબ મેળવી શકે છે. એન્જીનીયરીંગને લગતી ગવર્મેન્ટ જોબની મહત્તમ તકો સિવિલ બ્રાંચમાં છે. SEBC, SC, ST કેટેગરીનો વિદ્યાર્થી જો સિવિલમાં એડમિશન મેળવે તો તેને ગવર્મેન્ટ જોબ મળવાની શક્યતાઓ વધી જાય છે.

**White Collar Job અને Blue Collar Jobમાં શું તફાવત છે? (Office Job & Field Job)**

કોમ્પ્યુટર બ્રાંચમાં માત્ર ઓફીસ જોબ હોય છે જે White Collar Job તરીકે પણ ઓળખાય છે. જેમાં કલાકો સુધી એક જ જગ્યાએ બેસીને લોજીકલ વર્ક કરવાનું હોય છે. સિવિલ, મિકેનીકલ, ઇલેક્ટ્રીકલ, કેમિકલ, આઇ.સી. વગેરેમાં ફીલ્ડ જોબ વધારે હોય છે જેમાં સાઇટ અથવા પ્લાન્ટ પર સુપરવીઝન થી લઇને મેઇન્ટેનન્સ સુધીના કામ હોય છે જે Blue Collar Job તરીકે પણ ઓળખાય છે.

**કઇ બ્રાંચમાં હોમટાઉનમાં પણ નોકરી મળવાની તકો છે?**

રાજકોટથી શરૂ કરીને ગુજરાતના કોઇપણ શહેરમાં કોમ્પ્યુટર, મિકેનીકલ, ઇલેક્ટ્રીકલ અને સિવિલ બ્રાંચમાં તરત જ નોકરી મળી રહે છે.

**ગણિત બહુ ગમતુ હોય તો કઇ બ્રાંચ પસંદ કરવી? ગણિત ફાવતુ ન હોય તો કઇ બ્રાંચ પસંદ કરવી?**

ગણિતનો મહત્તમ ઉપયોગ સિવિલ અને ઇલેક્ટ્રીકલ બ્રાંચમાં આવે છે. ત્યારબાદ મિકેનીકલ અને ઇ.સી. બ્રાંચમાં હોય છે. ગણિતનો સૌથી ઓછો ઉપયોગ કોમ્પ્યુટર બ્રાંચમાં આવે છે.

**વિદ્યાર્થીનીએ (Girl Students) કઇ બ્રાંચ પસંદ કરવી જોઇએ?**

21st Century Girl કોઇપણ બ્રાંચમાં કામ કરી શકે છે પણ જો બધા પરીબળોને ધ્યાનમાં લઇએ તો Girl Student કોમ્પ્યુટર બ્રાંચમાં સારી કેરીયર આસાનીથી બનાવી શકે છે. Next Generation Digital Mom, Flexible Job Timings, Work from Home, Gender Neutral Industry, No Physical Work, Job within City Area, Settle in any city after Marriage, Easy Placement from College, Good Opportunity in Teaching Areas, Local to Global Jobs, etc. ને કારણે કોમ્પ્યુટર પસંદ કરવુ જોઇએ.

**Foreign Countriesમાં સેટલ થવુ હોય તો કઇ બ્રાંચ પસંદ કરવી જોઇએ?**

Foreign Countries જેવા કે USAમાં સેટલ થવા માટે કોમ્પ્યુટર અને ત્યારબાદ ઇ.સી. બ્રાંચને પસંદગી આપવી જોઇએ. મિકેનીકલ એન્જીનીયર્સ માટે Germanyમાં સારી તકો છે.

**ઓછા માર્ક્સ પર ખ્યાતનામ કોલેજમાં ઇ.સી.માં એડમિશન મળે છે તો લેવુ કે નહી?**

ઇલેક્ટ્રોનીક્સ ફીલ્ડમાં R&D અને ડિઝાઇનીંગ કામ મુખ્યત્વે USAમાં થાય છે જ્યારે મહત્તમ મેન્યુફેક્ચરીંગ China, Taiwan અને Koreaમાં થાય છે. ઇલેક્ટ્રોનીક્સ ઇન્ડસ્ટ્રીઝ બહુ concentrated છે જેમાં મુખ્યત્વે Intel, Samsung, Qualcomm, Huawei વગેરે જેવી કંપનીઓનું વર્ચસ્વ છે. આ ઉપરાંત ઇલેક્ટ્રોનીક્સ મેન્યુફેક્ચરીંગનું સેટઅપ બહુ મોટા રોકાણથી લાર્જ સ્કેલ પર કરવું પડે છે જેને લીધે નાના શહેરોમાં ઇલેક્ટ્રોનીક્સ કંપનીઓની સંખ્યા નહીવત્ત છે. ભારતમાં બેંગલોર, હૈદરાબાદ અને પૂના ખાતે ઘણી MNCના ડેવલોપમેન્ટ સેન્ટર આવેલા છે જયાં ઇ.સી. એન્જીનીયર માટે નોકરીની તકો છે. ગુજરાતમાં ઇ.સી. એન્જીનીયર્સ માટે જૂજ તકો રહેલી છે જેથી એડમિશન લેતા પહેલા દરેક બાબતોનો વિચાર કરવો જરૂરી છે.

**એરોનોટીકલ, ઓટોમોબાઇલ, બાયોટેકનોલોજી, મેકાટ્રોનીક્સ વગેરે જેવી નવા જમાનાની બ્રાંચમાં એડમિશન લેવાય?**

આ બધી બ્રાંચના એન્જીનીયર્સ માટે ગુજરાતમાં નહીવત્ત તકો છે. ઉપરાંત આ બધી બ્રાંચમાં નોકરીની તકો માત્ર જે–તે ફીલ્ડના એક્સપર્ટસ માટે જ હોય છે. જેના માટે 10-15 વર્ષનો અનુભવ મેળવવો અનિવાર્ય છે. બેઝીક બ્રાંચમાં B.E. કર્યા બાદ સ્પેશ્યલાઇઝ્ડ બ્રાંચમાં M.E. કરવું જોઇએ.

**અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઘરનો બિઝનેસ શરૂ કરવો હોય તો કઇ બ્રાંચ વધારે સારી? (Start-Up)**

જો કોઇ વિદ્યાર્થીને સારી રીતે સેટ થયેલો ફેમિલી બિઝનેસ હોય તો તેને લગતી બ્રાંચ જ પસંદ કરવી જોઇએ. જો કોઇ વિદ્યાર્થીને નવો બિઝનેસ શરૂ કરવો હોય અને પૂરતી મુડી હોય તો કોઇ પણ બ્રાંચ પસંદ કરી શકાય છે. પરંતુ જો ઓછી મુડીથી બિઝનેસ શરૂ કરવો હોય તો કોમ્પ્યુટર અને સિવિલ બ્રાંચને પ્રથમ પસંદગી આપવી જોઇએ. વિદ્યાર્થીઓને ખાસ નિવેદન છે કે 4-5 વર્ષનો અનુભવ લીધા બાદ જ બિઝનેસમાં ઝંપલાવવું જોઇએ.

**In short, મારે કઇ બ્રાંચમાં એડમિશન લેવુ જોઇએ?**

વિદ્યાર્થીનીઓએ કોમ્પ્યુટર બ્રાંચને જ પસંદ કરવી જોઇએ. જો તમારૂ લોજીક સારૂ હોય અથવા સ્વભાવથી થોડા સોફ્ટ હો તો કોમ્પ્યુટર બ્રાંચને પ્રથમ પસંદગી આપવી જોઇએ. આ સિવાયના તમામ વિદ્યાર્થીઓએ સિવિલ, મિકેનીકલ અથવા ઇલેક્ટ્રીકલ બ્રાંચ પસંદ કરવી જોઇએ.

As per Admission - 2025

- ગુજરાતની 140+ એન્જીનીયરીંગ કોલેજોના એડમિશન ACPC (https://acpc.gujarat.gov.in) દ્વારા https://gujacpc.admissions.nic.in પર ઓનલાઇન કરવામાં આવે છે.
- **ઓનલાઇન એડમિશન હોવાથી અને બધી માહિતી સમયસર એડમિશન કમિટીની વેબસાઇટ પર અપડેટ થતી હોવાથી આ પ્રક્રિયા એકદમ પારદર્શક છે. વિદ્યાર્થી કોઇપણ કોલેજ કે બ્રાંચના એડમિશનની માહિતી સરળતાથી મેળવી શકે છે.** એડમિશન કમિટીનું કામ ખરેખર સરાહનીય છે.
- **Seat Matrix**

| College / University | ACPC દ્વારા ભરવામાં આવતી બેઠકો (SQ) (ACPC નું એક જ ફોર્મ ભરવાનું રહેશે.) | | કોલેજ / યુનિવર્સિટી દ્વારા ભરવામાં આવતી બેઠકો (MQ/AIQ/NRI) (જે-તે કોલેજનું અલગથી ફોર્મ ભરવાનું રહેશે.) | | |
|---|---|---|---|---|---|
| | Board + GUJCET | JEE (Main) Paper-1 | Board + GUJCET | JEE (Main) Paper-1 | NRI |
| DAIICT, Gandhinagar | 25% | - | - | 60% | 15% |
| Nirma, Ahmedabad | 25% | - | - | 60% | 15% |
| DDIT, Nadiad | 48% | - | ❶37% (Either GUJCET or JEE only) | | 15% |
| IITRAM, Ahmedabad | 50% | - | - | ❷50% | - |
| NFSU, Gandhinagar | - | - | - | ❸50% + 50% | - |
| Govt. Colleges | 95% | 5% | - | - | - |
| Good SFI Colleges | 50% | - | 25% | 10% | 15% |
| Other SFI Colleges | 50% | - | 50% | - | - |

❶ : Based on either GUJCET or JEE only ❷ : Admission through JoSAA ❸ : 50% JEE & 50% seats based on NFSU Entrance Exam only

**ગૃપ-Bના વિદ્યાર્થીઓ ફક્ત** Agriculture, Biotechnology, Pharmaceutical, Food Technology**માં એડમિશન લઇ શકશે.**

- **રજીસ્ટ્રેશન અને મેરીટ લીસ્ટ**
  - ગુજરાતની તમામ સરકારી કોલેજોની 100% બેઠકો તથા પ્રાઇવેટ કોલેજોની સ્ટેટ ક્વોટાની બેઠકોના એડમિશન માટે ACPCનું એક જ રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
  - પ્રાઇવેટ કોલેજોની મેનેજમેન્ટ ક્વોટા / ઓલ ઇન્ડીયા ક્વોટા / NRI ક્વોટાના એડમિશન માટે જે-તે કોલેજની વેબસાઇટ પર ફોર્મ ભરવાનું રહેશે.
  - ACPC દ્વારા બોર્ડ + ગુજકેટના આધારે ભરવામાં આવતી બેઠકો માટે બધા બોર્ડના વિદ્યાર્થીઓનું એક જ કોમન મેરીટ લિસ્ટ નીચે મુજબ બનાવવામાં આવશે.

**Merit Marks = Board PCM/PCB Theory PR X 0.50 + GUJCET PR X 0.50**

  - ACPC દ્વારા JEEના આધારે ભરવામાં આવતી બેઠકો માટે બધા બોર્ડના વિદ્યાર્થીઓનું એક જ કોમન મેરીટ લિસ્ટ JEE (Main) Paper-1 AIRના આધારે બનાવવામાં આવશે.

- **શૈક્ષણીક લાયકાત**
  1. GUJCET (PCM/PCB) - 2026 અથવા JEE (Main) Paper-1 2026ની પરીક્ષા આપેલી હોવી જોઇએ.
  2. ધોરણ - 12ની પરીક્ષા થિયરી અથવા થિયરી + પ્રેક્ટીકલમાં મિનિમમ 45% માર્કસ (40% for EWS/SEBC/SC/ST) સાથે પાસ કરેલ હોવી જોઇએ.

- **ડોક્યુમેન્ટ્સ**
  - બધા વિદ્યાર્થીઓ માટેઃ પાસપોર્ટ સાઇઝ ફોટો, વિદ્યાર્થીની સહીનો ફોટો, HSC Mark-sheet, GUJCET / JEE Mark-sheet and School Leaving Certificate / Birth Certificate. (રિઝલ્ટ જાહેર થયેલ ન હોય તો હોલ ટિકીટ / એપ્લીકેશન ફોર્મ)
  - TFWS માટેઃ TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી 1/4/24 પછી કઢાવેલ કુટુંબની ₹ 8,00,000/- થી ઓછી આવકનો દાખલો.
  - SEBC / SC / ST માટેઃ TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ જાતીનો માન્ય દાખલો.
  - SEBC માટેઃ પરિશિષ્ટ 4 પ્રમાણે નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ. **(માત્ર ગુજરાતીમાં જ)**
  - Free-Ship Card માટે એલીજીબલ SC / ST કેટેગરીના વિદ્યાર્થીઓ માટેઃ TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી 1/4/24 પછી કઢાવેલ કુટુંબની Rs. 2,50,000/- થી ઓછી આવકનો દાખલો.
  - EWS કેટેગરીના વિદ્યાર્થીઓ માટે EWS (આર્થીક રીતે નબળા વર્ગો)ની પાત્રતા ધરાવતુ પ્રમાણપત્ર (માત્ર ગુજરાત રાજયના અધિકારી દ્વારા 1/4/24 પછી ઇશ્યુ થયેલ) **[EWS ફક્ત સીટ રીઝર્વેશન જ છે, શિષ્યવૃતિ નથી, માટે ફીમાં કોઇ રાહત નથી.]**

  નોંધઃ પાસપોર્ટ સાઇઝ ફોટો અને વિદ્યાર્થીની સહીનો ફોટો .JPEG ફોર્મેટમાં, અન્ય તમામ ડોક્યુમેન્ટ્સ PDF ફોર્મેટમાં.

**TFWSમાં એડમિશન મળશે તો 100% ટ્યુશન ફી માફ થઈ જશે. TFWS માટે રજીસ્ટ્રેશન સમયે જ 8 લાખથી ઓછી આવકનો દાખલો જમા કરાવવાનો રહેશે. TFWSમાં પાછળથી રજીસ્ટ્રેશન થઈ શકશે નહીં.**

- **એડમિશન પ્રોસેસઃ મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ એડમિશનના રાઉન્ડ્સ નીચે મુજબ યોજાય છે.**

1. **મોક રાઉન્ડ (પ્રેક્ટીસ રાઉન્ડ)**
   - મોક રાઉન્ડ એ ચોઇસ ફીલીંગ અને એલોટમેન્ટ પ્રોસેસ સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડથી વિદ્યાર્થીઓને આ વર્ષના ટ્રેન્ડનો અંદાજ આવી શકે છે. આ ઉપરાંત મેરીટ નંબરના આધારે કઇ કોલેજ અને બ્રાંચમાં એડમિશન મળવાની શક્યતા છે તેનો ખ્યાલ આવે છે.
   - મોક રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતુ નથી.
2. **રાઉન્ડ - 1 (એક્ચ્યુલ એડમિશન રાઉન્ડ)**
   - રાઉન્ડ - 1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવી શકાય છે અને મોટાભાગની TFWS બેઠકો આ રાઉન્ડમાં જ ભરાઇ જાય છે માટે ચોઇસ ફીલીંગ ચોક્કસાઇપૂર્વક કરવી.
   - રાઉન્ડ - 1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે લોગ–ઇન કરી અને એલોટમેન્ટ લેટર પર છપાયેલી ટોકન ફી ક્રેડીટ કાર્ડ / ડેબીટ કાર્ડ / UPI / નેટ બેન્કીંગનો ઉપયોગ કરી ફક્ત ઓનલાઇન પેમેન્ટ મોડ દ્વારા જ કન્ફર્મ કરવાનો રહેશે. Boys in Gov. College: Rs. 1,500/-, Boys / Girls in SFI College: Rs. 20,000/-, TFWS or Girls in Gov. College: Rs. 0/-.
